Sunday
07.05.2023
*Volume :7 * Issue No.277
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-


# ધરમપુરમાં નવી વિભાગીય વીજ કચેરીનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ

## નગરપાલિકા વિસ્તારોમાં ઓવરહેડ એચ.ટી. લાઈનોનું અંડર ગ્રાઉન્ડમાં રૂપાંતરણની કામગીરી પૂર્ણતાને આરેઃ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ











**ધરમપુર ખાતે મીટર ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ થવાથી ગ્રાહકોને વીજ મીટરને લગતી ફરિયાદોનું નિવારણ વાપીના બદલે ધરમપુરમાં જ થઈ જશે**

**નવી વિભાગીય કચેરી કાર્યરત થવાથી ધરમપુર, કપરાડાના ૨૭૨ ગામના ૧૪૨૧૯૪ ગ્રાહકોને સીધો ફાયદો થશે**

### રાષ્ટ્રીય કક્ષાએ દક્ષિણ વીજ કંપનીએ છ ગ્રેડ હાંસલ કર્યો

રાજ્યના ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વિશેષમાં જણાવ્યું હતું કે, ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા સરકારી તેમજ પ્રાઈવેટ વીજ વિતરણ કંપનીઓનું ઈન્ટીગ્રેટેડ રેટીંગ કરવામાં આવે છે. જેમાં ટેક્નિકલ, કમર્શિયલ અને ફાયનાન્સિયલ પેરામીટર્સ મુજબ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.એ હાઈએસ્ટ ગ્રેડ છ હાંસલ કર્યો છે. તદઉપરાંત ગુજરાતની તમામ વીજ કંપનીઓ એક થી પાંચ રેકમાં આવી છે.

### ધરમપુર વિભાગીય કચેરીમાં સમાવિષ્ટ વિસ્તારો

પેટા વિભાગીય કચેરી (૧) રોણવેલના જુજવાથી બોદલાઈ,
(૨) બોપીના દુલસાડથી બિલધા બોર્ડર, વાંકલથી નાની વહીયાળ,
(૩) ધરમપુરના ખારવેલથી મધુરી, ધરમપુરથી વાંસદા જંગલ,
(૪) નાનાપોંઢાના પારનદીથી કપરાડા ઘાટ, પાર નદીથી રાંધા બોર્ડર, (૫) કપરાડામાં કપરાડા ઘાટથી દાબખલ અને
(૬) સુથારપાડાના દાબખલથી હુડા બોર્ડર સુધીનો વિસ્તાર ધરમપુરની નવી વિભાગીય કચેરીમાં સમાવિષ્ટ કરાયો છે.

## ધરમપુરની નવી વિભાગીય કચેરીનો વાર્ષિક વધારાનો ખર્ચ રૂ. ૨.૪૪ કરોડ થશે

કમલમ્ ન્યુઝ,વલસાડ

ધરમપુર, કપરાડા, સુથારપાડા અને નાનાપોંઢા સહિતના વિસ્તારો વાપીથી ૫૦ કિમીથી વધુ દૂર હોવાને કારણે વીજ ગ્રાહકોને અગવડતા પડતી હતી જેથી નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અથાગ પ્રયાસોથી ભૌગોલિક અનુકૂળતા માટે વાપી અને વલસાડ ગ્રામ્ય વિભાગીય કચેરીનું વિભાજન કરી નવી વિભાગીય કચેરી ધરમપુરમાં મંજૂર કરવામાં આવી છે. જેનું ઉદઘાટન તા. ૬ મે ને શનિવારે રાજ્યના ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ધરમપુર ફાયર સ્ટેશન પાસે કરવામાં આવ્યું હતું. આ નવી વિભાગીય કચેરી કાર્યરત થવાથી ૨૭૨ ગામના ૧૪૨૧૯૪ ગ્રાહકોને સીધો ફાયદો થશે. આ પ્રસંગે સમારંભના ઉદઘાટક અને રાજ્યના ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આપણા વિસ્તારના વીજ ગ્રાહકો સમયસર વીજ બિલ ભરે છે. જેના કારણે ઓછામાં ઓછો વીજ લોસ દક્ષિણ ગુજરાતમાં છે. જેથી આપણો વિસ્તાર આદર્શ વીજ ગ્રાહક ધરાવતો વિસ્તાર બન્યો છે. વલસાડ જિલ્લાના ધારાસભ્યો પણ પ્રજાહિતના કામો અંગે સતત ફોલોઅપ લેતા હોવાથી તેમનો ફાળો વિશેષ છે. ઘણીવાર જમીનના કારણે સબ સ્ટેશનોનો કામ પેન્ડિંગ રહેતા હોય છે પરંતુ વલસાડ જિલ્લા વહીવટી તંત્રની અસરકારક કામગીરીને પગલે હવે કોઈ કામ બાકી રહ્યા નથી. તમામના સંકલન અને સાથ સહકારથી વર્ષોથી જે કામો પેન્ડિંગ હતા તે પરીપૂર્ણ કરવામાં સફળતા મળી છે. વધુ મંત્રીશ્રીએ ધરમપુર સ્થાતિ નવી કચેરીના લોકાર્પણથી થનારા ફાયદા અંગે જણાવ્યું કે, વાપી ગ્રામ્ય વિભાગીય કચેરીનો વિસ્તાર ૨૨૫૨.૬૭ ચો.કિ.મી. માંથી ૧૭૧૯.૦૫ ચો.કિ.મી. ઘટીને ૫૩૩.૬૨ ચો.કિ.મી થશે. ગામની સંખ્યા ૩૨૧માંથી ૨૫૦ ઘટીને ૭૧ થશે અને ગ્રાહકોની સંખ્યા ૩,૨૯,૧૭૬માંથી ૧,૧૮,૨૮૨ ઘટીને ૨,૧૦,૮૯૪ થશે. આ જ રીતે વલસાડ ગ્રામ્ય વિભાગીય કચેરીનો વિસ્તાર ૧૧૮૨.૧૮ ચો.કિ.મી.માંથી ૧૨૮.૧૯ ચો.કિ.મી ઘટીને ૧૦૫૪.૯૯ ચો.કિ.મી. થશે. ગામની સંખ્યા ૧૪૪માંથી ૨૨ ઘટીને ૧૨૨ થશે અને ગ્રાહકોની સંખ્યા ૧,૫૪,૫૭૩માંથી ૨૩૯૧૨ ઘટીને ૧,૩૦,૬૬૧ થશે. વલસાડ અને વાપીની બંને કચેરીમાંથી વિસ્તાર, ગામડા અને ગ્રાહકોની સંખ્યાનું વિભાજન કરાતા ધરમપુરની નવી વિભાગીય કચેરીનો વિસ્તાર ૧૮૪૭.૨૪ ચો.કિ.મી., ગામની સંખ્યા ૨૭૨ અને ગ્રાહકોની સંખ્યા ૧,૪૨,૧૭૪ થશે. જેથી નવી કચેરી બનવાથી ધરમપુરના લોકોને તો ફાયદો થશે જ પરંતુ સાથે સાથે વલસાડ અને વાપીની કચેરીમાંથી કામનું ભારણ ઓછુ થવાથી વીજ ગ્રાહકોને વધુ સારી વીજ સેવાઓ મળશે. ધરમપુર સહિત જિલ્લાની નગરપાલિકા વિસ્તારોમાં ઓવરહેડ એચ.ટી. લાઈનોનું અંડર ગ્રાઉન્ડમાં રૂપાંતરણની કામગીરી પણ પૂર્ણતાને આરે છે જેથી શહેરી વિસ્તારના ગ્રાહકોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળવાથી વિકાસને વધુ વેગ મળશે. ધરમપુર ખાતે મીટર ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ થવાથી ગ્રાહકોને વીજ મીટરને લગતી ફરિયાદોનું નિવારણ વાપીના બદલે ધરમપુરમાં જ થઈ જશે. સાંસદ ડો.કે.સી.પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામડાઓને ૨૪ કલાક વીજ પુરવઠાથી ઝળહળતા કર્યા છે. આપણા જિલ્લામાં પણ વીજળીને લગતી હવે કોઈ સમસ્યા રહી નથી. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું કે, આ નવી વિભાગીય કચેરી ચાલુ થવાથી વલસાડના રોણવેલ પોકેટના લોકોને પણ ફાયદો થશે. વીજ કંપનીને લગતા અનેક પ્રશ્નોનું કનુભાઈ દેસાઈના પ્રયાસ થકી નિવારણ આવ્યુ છે. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે, ઘણા સમયથી વિભાગીય કચેરીની માંગ હતી જે આજે પૂર્ણ થઈ છે. જેનાથી અંતરિયાળ ગામડામાં ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલી દૂર થશે. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ધરમપુર વિભાગીય કચેરીમાં ધરમપુર-૧, ધરમપુર-૨, નાનાપોંઢા, કપરાડા, સુથારપાડા અને રોણવેલ મળી કુલ ૬ પેટા વિભાગીય કચેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. કનુભાઈના સફળ પ્રયત્નોથી ૮ થી ૧૦ ગામ વચ્ચે એક સબ સ્ટેશન બન્યા છે. જેથી લોકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે. આ નવી કચેરીથી ધરમપુર અને કપરાડાના વીજ ગ્રાહકોના નાણાં અને સમયનો બચાવ થશે. સાથે એચ.ટી. ગ્રાહકોને વીજ બીલની ચૂકવણીમાં સરળતા રહેશે. સ્વાગત પ્રવચન ડીજીવીસીએલની સુરત કોર્પોરેટ ઓફિસરના ચીફ એન્જિનિયર એચ.આર.શાહે કર્યું હતું. જ્યારે આભારવિધિ વીજ કંપનીની વલસાડ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર પી.જી.પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વલસાડ વીજ કંપનીના ડેપ્યુટી અન્જિનિયર અનિલ કે.પટેલે કર્યુ હતું. ધરમપુરની નવી વિભાગીય કચેરીનો વાર્ષિક વધારાનો ખર્ચ રૂ. ૨.૪૪ કરોડ થશે. આ પ્રસંગે વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કમલેશ ઠાકોર, ધરમપુર તાલુકા પંચાયત પ્રમુખ રમીલાબેન ગાંવિત, કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ મોહન ગરેલ, દક્ષિણ ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર યોગેશ ચૌધરી(આઈ.એ.એસ.), વલસાડ જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારી મનિષ ગુરવાની, ધરમપુર પ્રાંત અધિકારી કેતુલ ઈટાલીયા, મામલતદાર એફ.બી.વસાવા, ધરમપુર વીજ કંપનીના કાર્યપાલક ઈજનેર બેલાબેન જેટલી, વલસાડ જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, વલસાડ જિલ્લા સંગઠન મહામંત્રી મહેન્દ્ર ચૌધરી, ધરમપુર તાલુકા સંગઠન મહામંત્રી ધનેશ ચૌધરી, જિલ્લા સંગઠનના કોષાધ્યક્ષ રાજેશભાઈ ભાનુશાલી, ધરમપુર શહેર સંગઠન પ્રમુખ પ્રણવ શિંદે, ધરમપુર તાલુકા સંગઠન પ્રમુખ કેતન વાઢુ, સાંઈનાથ હોસ્પિટલના ડૉ.ડી.સી.પટેલ, ડૉ.હેમંત પટેલ, ધરમપુર પાલિકાના પૂર્વ પ્રમુખ જ્યોત્સનાબેન દેસાઈ, સહકારી ક્ષેત્રના આગેવાન જીવાભાઈ આહિર, સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# SCO સમિટમાં PAKને ભારતીય વિદેશમંત્રી એસ જયશંકરે સ્પષ્ટ કહી આ વાત

## ભારતીય વિદેશમંત્રી એસ જયશંકરે બિલાવલ ભુટ્ટોને કહ્યા આતંકવાદની ફેક્ટરીનો પ્રવક્તા!.



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર સતત તણાવની સ્થિતિ હોય છે. જેનું કારણ પાકિસ્તાનનો અવળચંડાઈ છે. ત્યારે SCO Summit ૨૦૨૩માં ભારતના વિદેશ મંત્રી જયશંકરે કહ્યું, પાકિસ્તાન-ચીન કોરિડોર અંગે એસસીઓની બેઠકમાં એક કે બે વાર નહીં તે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે વિકાસ માટે કનેક્ટિવિટી જરૂરી છે પરંતુ કનેક્ટિવિટી કોઈનું સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરી શકે નહીં. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે શુક્રવારે ગોવામાં આયોજિત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)માં પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો.

કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને અરીસો બતાવતા વિદેશ મંત્રીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ હતો, છે અને રહેશે. દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જેમ જમ્મુ-કાશ્મીરમાં પણ G-20ની બેઠકો થઈ રહી છે, તેમાં કંઈ અસામાન્ય નથી. તેમણે વધુમાં કહ્યું કે, પાકિસ્તાન-ચીન કોરિડોરને લઈને એસસીઓની બેઠકમાં એક કે બે વાર સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે વિકાસ માટે કનેક્ટિવિટી જરૂરી છે. SCOની બેઠકમાં પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોને પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, SCO સભ્ય દેશના વિદેશ મંત્રી તરીકે પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી સાથે અન્ય સભ્ય દેશોના વિદેશ મંત્રી જેવો વ્યવહાર કરવામાં આવ્યો હતો. પરંતુ આતંકવાદના પ્રમોટર, સંરક્ષક અને પ્રવકતા તરીકે તેમની (પાકિસ્તાનની) પોઝિશનનો વિરોધ કરવામાં આવ્યો હતો.

# રક્ષામંત્રી રાજનાથ સિંહ રાજૌરી પહોંચ્યા, શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી

કમલમ્ ન્યુઝ,રાજૌરી



કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ જમ્મુના રાજૌરી સેક્ટર પહોંચ્યા હતાં અને તેમણે પાંચ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પહેલા જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પહેલા જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. આર્મી ચીફ જનરલ મનોજ પાંડે પણ જમ્મુમાં હાજર છે. રાજૌરીમાં ઘાયલ જવાન હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રાજનાથ સિંહ ઘાયલ જવાનોને પણ મળ્યા હતાં રાજૌરીમાં રાજનાથ સિંહે સૈન્યના જવાનો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તમારો ઉત્સાહ ઊંચો રાખો, તમને સફળતા ચોક્કસ મળશે. જણાવી દઈએ કે આ ઘટના બાદથી ભારતીય સેના આતંકીઓ વિરુદ્ધ સતત કાર્યવાહી કરી રહી છે. આ એપિસોડમાં બારામુલ્લા અને રાજૌરીમાં ૧-૧ આતંકી માર્યા ગયા છે. હાલ આતંકીઓની ઓળખ કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે બારામુલ્લામાં ૪૮ કલાકમાં આતંકવાદીઓ સાથે આ બીજી અથડામણ છે. ગુરુવારે ક્રેરી વિસ્તારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. સેનાને આશંકા છે કે આ વિસ્તારમાં વધુ આતંકીઓ છુપાયેલા હોવાની શકયતા છે. જેના કારણે સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે. તમને જણાવી દઈએ કે સેનાએ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયારો, દારૂગોળો અને ઘણા મેગેઝીન જપ્ત કર્યા છે. શુક્રવારે જમ્મુ-કાશ્મીરના રાજૌરી વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન સેનાના ૫ જવાન શહીદ થયા હતા. તે જ સમયે, હોસ્પિટલમાં ઘાયલ જવાનની સારવાર ચાલી રહી છે. જેના કારણે સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. કૃપા કરીને જણાવો કે ૫ શહીદ સૈનિકોમાંથી બે હિમાચલ પ્રદેશના, એક-એક ઉત્તરાખંડ અને જમ્મુ કાશ્મીર અને પશ્ચિમ બંગાળના છે. તમને જણાવી દઈએ કે રાજૌરી સેક્ટરના જંગલોમાં આતંકવાદીઓ છુપાયા હોવાની ચોક્કસ માહિતીને પગલે સેના દ્વારા ૩ મેથી સંયુક્ત ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ એપિસોડમાં ૫ મેના રોજ સવારે એક ટીમ સર્ચ ઓપરેશન માટે ગઈ હતી. આ દરમિયાન ગુફામાં છુપાયેલા આતંકવાદીઓએ બોમ્બથી હુમલો કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

આ વર્ષે હવામાન સતત ઉલટપુલટ જોવા મળી રહ્યું છે. આગામી સપ્તાહ દરમિયાન ગમે ત્યારે પ્રી મોનસૂન સીઝનનું પહેલું ચક્રવાત આવી શકે છે. જો કે તેના સંભવિત ટ્રેક અને તીવ્રતા પર હાલ કોઈ પણ ટિપ્પણી કરવી ઉતાવળ રહેશે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યાં મુજબ ૫મી મેના રોજ દક્ષિણ આંદમાન સાગર ઉપર એક વ્યાપક ચક્રવાત પવનોનું ક્ષેત્ર બનેલું છે. તેના ૬-૭ મેના રોજ ઓછા દબાણવાળા ક્ષેત્રના રૂપમાં સમુદ્રમાં આગળ વધવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આગામી દિવસે એટલે કે ૮મી મેના રોજ રાતે ચક્રવાતી તોફાન પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. આ તોફાન કઈ દિશામાં આગળ વધશે અને તેની સ્પીડ કેવી રહેશે તે અંગે કશું સ્પષ્ટ નથી. એવું માનવામાં આવી રહ્યું છે કે આવતી કાલે એટલે કે ૭મી મે સુધીમાં સ્થિતિ કઈક સ્પષ્ટ થઈ શકશે. ત્યારબાદ જ તોફાનને પહોંચી વળવા અંગે અલર્ટ જાહેર કરાશે. તેના પગલે દેશના પૂર્વી રાજ્યો પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તેલંગણા, અને પશ્ચિમ બંગાળમાં જોરદાર વરસાદ વરસી શકે છે. પ્રાઈવેટ હવામાન એજન્સી સ્કાઈમેટના જણાવ્યાં મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે શુક્રવારે રાજસ્થાનના કેટલાક ભાગોમાં હળવો વરસાદ અને ધૂળવાળી આંધી જોવા મળી. આ સાથે જ આંદમાન અને નિકોબાર દ્વિપ સમૂહ, વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને તલંગણાના કાંઠાના વિસ્તારો, ઓડિશામાં કેટલાક સ્થળોએ તથા ઝારખંડ અને બિહારમાં ક્યાંક ક્યાંક હળવો વરસાદ જોવા મળ્યો. જ્યારે પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, મરાઠાવાડા, દક્ષિણ કર્ણાટક, ઉત્તર પંજાબ, સિક્કિમ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ પડ્યો.

# દાહોદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની પરીક્ષા પારદર્શકતા-શાંતિ-સલામતી સાથે યોજવા વહીવટી તંત્ર સુસજ્જ – કલેકટર ડૉ. હર્ષિત ગોસાવી

### ઉમેદવારોને કોઇ પણ તકલીફ કે મુંઝવણ હોય તો હેલ્પ લાઇન નં. ૦૨૬૭૩ – ૨૩૯ ૧૩૭ ઉપર સંપર્ક કરી શકાશે

કમલમ્ ન્યુઝ,દાહોદ,

જિલ્લા સેવા સદન દાહોદ ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં આગામી રવિવારે યોજાનારી ગ્રામ પંચાયત સેક્રેટરી તલાટી કમ મંત્રીની પરીક્ષા સંદર્ભે વહીવટી તંત્રની સજ્જતા બાબતે પત્રકાર પરિષદ યોજાઇ હતી. કલેકટર ડો. ગોસાવીએ પરીક્ષાશાંતિ, સલામતી અને પારદર્શકતા સાથે યોજાઇ એ માટે વહીવટી તંત્ર સુસજ્જ હોવાનું જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, જિલ્લામાં આ પરીક્ષા દાહોદ, ઝાલોદ, લીમખેડા અને દેવગઢ બારીયા તાલુકાના ૫૯ કેન્દ્રો ઉપર યોજાવાની છે. જિલ્લામાં કુલ ૨૧૦૯૦ ઉમેદવારો આ પરીક્ષા આપશે. આ પરીક્ષામાં ૬૪ જેટલા આયોગના પ્રતિનિધિ, ૫૯ કેન્દ્ર નિયામક, ૫૯ સીસીટીવી ઓબ્ઝર્વર, ૨૫૭ તકેદારી સુપરવાઈઝર, ૭૭૩ ઇન્વીજીલેટર, ૩૦ રૂટ સુપરવાઈઝર, ૩૦ આસી રૂટ સુપરવાઈઝરફરજ બજાવશે. તેમણે ઉમેર્યું કે, પરીક્ષા કેન્દ્રો ખાતે વર્ગખંડ, લોબી વગેરે થઈને કુલ ૮૬૦ જેટલા સીસીટીવી કેમેરા રહેશે.

જેથી પરીક્ષા સંપૂર્ણ પારદર્શકતા સાથે યોજાઇ. ઉપરાંત ૫૯ જેટલા હાઇ મેગા પીક્સલ કેમેરા પણ દરેક કેન્દ્રના પ્રવેશ સ્થળે લગાવવામાં આવ્યા છે. કલેક્ટર ડો. ગોસાવીએ જણાવ્યું કે, પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા શાંતિ અને સલામતી સાથે યોજાઈ એ માટે પોલીસનો પણ પૂરતોબંદોબસ્ત કરવામાંઆવ્યો છે. ઉપરાંત સ્ટ્રોન્ગ રૂમ ખાતે પણ રાઉન્ડ ધ કલોક પોલીસની ચુસ્ત બંદોબસ્ત રહેશે.તેમણે ઉમેર્યુ કે, ઉમેદવારો શાંતિ તેમજ સુવિધા સાથે પરીક્ષા આપી શકે એ માટેની તમામ વ્યવસ્થા પરીક્ષા કેન્દ્રો ખાતે કરવામાં આવી છે. ઉમેદવારો એ વાતની ખાસ કાળજી રાખે કે પરીક્ષા સ્થળે સમયસર પહોંચી જાય તેમજ કોઈ પણ જાતના ઈલેક્ટ્રોનિક સાધનો સાથે લાવી શકશે નહીં તે બાબતનું ખાસ ધ્યાન રાખે. ઉમેદવારો માટે એસટી સ્ટેશને માહિતી મળી તેની પણ એનાઉન્સમેન્ટ સહિતની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે ઉમેદવારોને પરીક્ષાની શુભેચ્છાઓ પણ આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઉત્સવ ગૌતમે જણાવ્યું કે, પ્રવેશ સમય તમામ ઉમેદવારો (મહિલા સહિત)નું પોલીસ દ્વારા ૧૦૦% ફિસ્કિંગ કરવામાં આવશે.

પ્રવેશ માટે ઉમેદવારને કોલ લેટર, નિયત કરેલ (અસલ ઓળખ પત્ર) અને પેન લઈ જઈ શકશે. અન્ય કોઈપણ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયર ફોન, વગેરે ઈલેક્ટ્રોનિક ગેઝેટ પ્રતિબંધિત છે.

તેમણે જણાવ્યું કે, પરીક્ષા સાથે જોડાયેલા તમામ સ્ટાફની તાલીમ પૂર્ણ કરવામાં આવી છે. તંત્ર પરીક્ષા પારદર્શકતા, સુરક્ષા અને શાંતિથી યોજવા માટે સજ્જ છે. ઉમેદવારો નિંશ્ચિંત થઈને પરીક્ષા આપે તેમને કોઈ પણ મુંઝવણ હોય તો તેઓ આ હેલ્પલાઈન નંબર - ૦૨૬૭૩ ૨૩૯ ૧૩૭ ઉપર સંપર્ક કરી શકશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# વલસાડ જિલ્લાનાં સરકારી અધિકારી અને કર્મીઓ સરકારી કચેરીમાં સાયકલીંગ-પગપાળા આવ્યાં

### હવેથી દર માસનાં પ્રથમ શનિવારે સાયકલ ટુ ઓફિસ' કાર્યક્રમ યોજાશે



કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા એસ.આગ્રેનાં માર્ગદર્શન હેઠળ તા. ૬ મે ૨૦૨૩ ને શનિવારના રોજ 'સાઈકલ ટુ ઓફિસ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વલસાડ જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં ફરજ બજવતાં અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના ઘરેથી સાયકલ પર અને પગપાળા કચેરીમાં પહોંચ્યાં હતા. આ પ્રસંગે વલસાડ જિલ્લાનાં ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટરશ્રી યુ.પી.શાહ, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી નિલેશ કુકડીયા, નાયબ કલેક્ટર સ્ટેમ્પ-ડ્યુટી સુશ્રી શ્વેતાબેન પટેલ તથા કલેક્ટર કચેરી વલસાડનાં અન્ય કર્મચારીગણ ચાલીને કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતાં. આ પ્રસંગે મ્રૂઝ્જી ઈન્ડિયા ફાઉન્ડેશનનાં ડો.ભૈરવી જોશી અને વલસાડ રેસર્સ ગ્રુપના ડો.કલ્પેશ જોશી પણ જોડાયા હતાં. વલસાડ જિલ્લામાં આવેલી વિવિધ કચેરીઓમાં સેવા બજવતાં અધિકારીઓ અને કર્મચારીઓ મોટાભાગે ટુ-વ્હીલર અને ફોર વ્હીલર જેવાં પ્રાઈવેટ વ્હીકલમાં અવર-જવર કરતાં હોય છે. વધુમાં કચેરીઓમાં આવતાં અરજદારો તથા મુલાકાતીઓ પણ પ્રાઈવેટ વ્હીકલ લઈને આવતા હોય છે. જેના પરિણામે જે-તે કચેરીનાં પાર્કિંગ પ્લોટમાં પણ પ્રાઈવેટ વ્હીકલનો ભરાવો થવાથી ઘણી મુશ્કેલી સર્જાય છે.

આમ જે-તે કચેરીનાં અધિકારીઓ અને કર્મચારીઓ પોત-પોતાની કચેરીમાં અવર-જવર માટે ચાલીને અથવા સાઈકલીંગ કરીને જાય તો તેઓનાં સ્વાસ્થ્યને પણ ઘણો લાભ થઈ શકે અને તંદુરસ્ત અને નિરોગી રહી શકે છે. તદપરાંત હવા અને ધ્વનિ પ્રદુષણમાં પણ ઘટાડો થઈ શકે છે, રસ્તા ઉપર ઓછી ભીડભાડ થઈ શકે છે. શહેરમાં સુલભતા જળવાય અને જાહેર જગ્યાની ગુણવત્તામાં વધારો થાય તેમજ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે છે. આવા ઉમદા આશયથી જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વલસાડ જિલ્લાની તમામ સરકારી અને અર્ધ સરકારી કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ અને કર્મચારીઓને તા. ૦૬ મે ૨૦૨૩ ને શનિવારનાં રોજ પોતાની કચેરીએ સાયકલીંગ કરીને અથવા ચાલીને આવવા માટે જાહેર અપીલ કરી હતી. વલસાડ જિલ્લાની વિવિધ કચેરીઓનાં અધિકારીઓ અને કર્મચારીઓને પણ તેઓનાં સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર આ અંગેના ફોટોગ્રાફ્સ અપલોડ કરવા સૂચન કરવામાં આવ્યું છે. જેથી જાહેર જનતાને આ બાબતે સંદેશો મળે અને સાયકલીંગ કરવા અંગે વધુમાં વધુ લોકોમાં જાગૃતતા આવે. હવેથી ઉપરોક્ત 'સાયકલ ટુ ઓફિસ' કાર્યક્રમ દર માસનાં પ્રથમ શનિવારે યોજવા માટે કલેક્ટરશ્રી દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. જેની સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ નોંધ લીધી હતી.

# નિલશાકચા ગામની ભુલી પટેલ મહિલાને ૧૮૧ અભયમ ટીમે પરીવાર સાથે મિલન કરાવ્યુ




કમલમ્ ન્યુઝ,આહવા


ડાંગ જિલ્લાના ચીચીનાગાવઠા ગામે ભુલી પડેલ નિલશાક્યા ગામની મહિલાને ૧૮૧ અભયમ ટીમ દ્વારા પરીવાર સાથે સુઃખદ મિલન કરાવ્યુ હતુ. પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા. ૧/૫/૨૦૨૩ના રોજ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ચિચીનાગાવઠાથી ભૂલી પડેલી મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર આહવા ખાતે લાવવામા આવી હતી. જયા આ મહિલાને સેન્ટર ખાતે આશ્રય આપવામા આવ્યો હતો. અહિં સેન્ટરના કર્મચારીઓ દ્વારા આ મહિલાનુ કાઉન્સેલિંગ કરતા તેઓ આહવા તાલુકાના નિલશાક્યા ગામના રહેવાસી હોવાનુ જણાયુ હતુ. સેન્ટરના કર્મચારી દ્વારા નિલશાક્યા ગામની એક બહેનને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે રૂબરૂ બોલાવી મહિલાની ઓળખ કરી હતી. જે બાદ ગામના સરપંચનો સંપર્ક કરીને મહિલાના વાલીને જાણ કરાઈ હતી. તા. ૩/૫/૨૦૨૩ ના રોજ મહિલાના માતા અને ગામના ઉપ સરપંચ સેન્ટર ખાતે આ મહિલાને લેવા આવ્યા હતા. જેમા જાણવા મળેલ કે, છેલ્લા ૩ વર્ષથી મહિલાની માનસિક સ્થિતિ સારી ના હોવાથી તેઓ ઘરેથી નીકળી જાય છે. જેથી સેન્ટરના કર્મચારી દ્વારા મહિલાને સિવિલ હોસ્પિટલ ખાતે તબીબી સારવાર લઈ માટે જવામા આવ્યા હતા. જયા માનસિક વિભાગના ડોક્ટર દ્વારા મહિલાનુ કાઉન્સેલિંગ કરીને દવાઓ આપવામા આવી હતી. સાથે જ વધુ સારાવાર અર્થે ફરી વાર હોસ્પિટલ આવવા જણાવ્યુ હતુ. આશ્રીત મહિલાના પરીવારજનો મહિલાને ઘરે લઈ જવા માંગતા હોવાથી સેન્ટરના કર્મચારીઓ દ્વારા પોલીસ કોન્સ્ટેબલની હાજરીમા ઘરે પુનઃ સ્થાપન કરવામા આવી હતી.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાથી ગુજરાતનાં લાખો પરિવારોને મળ્યું 'પોતાના સપનાનું ઘર'

### ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૧.૫૬ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ







### પ્રથમ હપ્તાની ચુકવણી બાદ છ માસની અંદર મકાનનું બાંધકામ પૂર્ણ કરનારા લાભાર્થીઓને 'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના' હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૨૨,૫૦૦થી વધુ લાભાર્થીઓને રૂ.૪૫.૧૩ કરોડની સહાય ચૂકવવામાં આવી

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર,

પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશના અન્ય રાજ્યોની સરખામણીએ અગ્રેસર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કુલ ૧૧.૫૬ લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ પૈકી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ ૭.૫૦ લાખ આવાસો, જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૪.૦૬ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય પૂરું કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારના લોકોને ઝૂંપડપટ્ટીમાંથી મુક્ત કરવા તેમજ શહેરી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પોસાય તેવી કિંમતે ઘર મળી રહે તે હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) જાહેર કરી હતી. ત્યારબાદ, ગ્રામીણ વિસ્તારના લોકોને પોતાનું ઘરનું ઘર મળે તેવા ઉદ્દેશ્યથી વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અમલમાં મૂકવામાં આવી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે અંદાજિત માંગ મુજબ ૭.૬૪ લાખ આવાસોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેની સામે આજ દિન સુધીમાં કુલ ૯.૫૪ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર થયેલ આવાસોમાંથી ૭.૫૦ લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને બાકી રહેલા આવાસોની કામગીરી વિવિધ તબક્કાઓમાં પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૧ લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે રૂ.૧૦૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં આજ દિન સુધીમાં વિવિધ યોજનાઓનું કન્વર્જન્સ કરીને માળખાગત સુવિધાઓ સાથે ૪,૦૬,૦૦૦થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ માટે આ યોજના હેઠળ કુલ રૂ. ૪૮૭૭.૭૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૧,૮૪,૬૦૫ આવાસો બાંધવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે અંતર્ગત લાભાર્થીઓને રૂ.૨૨૧૫.૨૬ કરોડની સહાય ચૂકવવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રાજય સરકાર દ્વારા મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે સાથે બાથરૂમના બાંધકામ માટે પ્રતિ લાભાર્થી દીઠ રૂ.૫૦૦૦ની વધારાની સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૩૮,૦૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૧૯.૦૩કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.આ ઉપરાંત, રાજય સરકાર દ્વારા પ્રથમ હપ્તાની ચુકવણી બાદ છ માસની અંદર મકાનનું બાંધકામ પૂર્ણ કરનારા લાભાર્થીઓને 'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના' હેઠળ લાભાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦ની પ્રોત્સાહક રકમની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૨૨,૫૦૦થી વધુ લાભાર્થીઓને રૂ.૪૫.૧૩કરોડની સહાય ચૂકવવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લાના જસાપર ગામના રહેવાસી શ્રીમતી કુંદનબેન દેવમુરારી જણાવે છે કે, "અમે પહેલા કાચા મકાનમાં રહેતા હતા. ત્યારબાદ અમે આ યોજના વિશે જાણ્યું. અમને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રૂ.૧,૨૦,૦૦૦ની આર્થિક સહાય મળી છે, જેમાં પહેલા રૂ.૩૦,૦૦૦નો હપ્તો, ત્યારબાદ રૂ.૫૦,૦૦૦ અને છેલ્લે સરકાર તરફથી અમને ઘર બાંધવા માટે રૂ.૪૦,૦૦૦ નો હપ્તો મળ્યો છે. અમને બધા હપ્તા મળી ગયા, ને હવે અમારે ધાબાવાળું પાકું મકાન બની ગયું છે. આ ઘરમાં હવે અમે ખૂબ શાંતિથી રહીએ છીએ અને આ સહાય માટે અમે મોદી સાહેબનો તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ખૂબ આભાર માનીએ છીએ."

### વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના માટે ૭ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે:


૧. બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ફોર ઇમ્પ્લીમેન્ટેશન ઓફ CLSS
૨. બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ફોર ઇમ્પ્લીમેન્ટેશન ઓફ ARHC અંડર મોડલ-૦૧
૩. બેસ્ટ AHP પ્રોજેક્ટ અંડર PPP મોડેલ
૪. બેસ્ટ સ્ટેટ ફોર કન્વર્જન્સ વિથ અધર મિશન
૫. સ્ટેટ વિથ મેક્સિમમ ટેક્નોગ્રાહી વિઝિટ એટ LHP સાઇટ
૬. બેસ્ટ પર્ફોર્મિંગ SLTC અંડર PMAY (U)
૭. બેસ્ટ પર્ફોર્મિંગ મ્યુનિસિપલ કાઉન્સિલ (ઉના નગરપાલિકા)

પ્રધાનમંત્રી આવાસ યોજનાની અમલવારીમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રસ્થાને છે. ગુજરાત માટે ગૌરવની વાત છે કે ક્રૅડિટ લિંક સબસીડી ઘટક (શહેરી) હેઠળ ૫.૨૦ લાખથી પણ વધુ લાભાર્થીઓને તેમના પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવવામાં ગુજરાત દેશમાં અગ્રસ્થાને છે. આ ઉપરાંત, ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી – ઇન્ડિયાના લાઇટ હાઉસ પ્રોજેક્ટ માટે ગુજરાતના રાજકોટની પસંદગી કરવામાં આવી છે, જ્યાં મોનોલિથિક કોંક્રીટ કન્સ્ટ્રક્શન ટેકનોલોજીનો ઉપયોગ કરીને આવાસો બનાવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, રાજકોટ ખાતે ઈડબ્લ્યુએસ-૨ પ્રકારના ૩૯.૭૭ ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા કુલ ૧૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરમાં રહેતા શ્રી જયેશભાઈ સોનીને LHP પ્રોજેક્ટ હેઠળ આવાસનો લાભ મળ્યો છે. જયેશભાઈ જણાવે છે કે "છેલ્લા ૧૨ વર્ષથી હું ને મારો પરિવાર ટિફિન સર્વિસ ચલાવીએ છીએ અને ભાડાના મકાનમાં રહીએ છીએ. અમને ખબર પડી કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ફોર્મ બહાર પડ્યા છે, એટલે અમે ફોર્મ ભર્યા અને અમને મકાન લાગી ગયું. અમારા માટે તો આ અમારા સપનાનું મકાન હતું ને આ સપનું કેન્દ્ર સરકારઅને રાજ્ય સરકારે પૂરુ કર્યું.

અમારા જૂના મકાનના ભાડા કરતા આ મકાનનું ઈએમઆઈ પણઘણું ઓછુંછે. અમે ખૂબ આભારી છે મોદી સાહેબના, કેન્દ્ર સરકારના અને રાજય સરકારના કે અમારું સપનાનું ઘર અમને આપ્યું. મારી બંને દીકરીઓનું ભવિષ્ય હવે સુરક્ષિત થયું છે." પ્રધાનમંત્રી આવાસ યોજના થકી રાજ્યના નાગરિકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે.

# મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી દ્વારા PC-PNDT એકટ અંતર્ગત લિંગ પરીક્ષણ કરતી બે હોસ્પિટલોના સોનોગ્રાફી મશીન કરાયા સીલ

### જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આશંકાના આધારે કરાયેલી રેડમાં એક ડોક્ટર દંપત્તિએ કબુલ્યો ગુનો; દંપત્તિ પર થશે કાનૂની કાર્યવાહી







## અમદાવાદની બોડકદેવ તથા સોલા રોડ વિસ્તારમાં આવેલી હોસ્પિટલોમાં થતાં લિંગ પરીક્ષણનો ખુલ્યો ભેદ

કમલમ્ ન્યુઝ,

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી દ્વારા બોડકદેવમાં આવેલી વાત્સલ્ય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ તથા સોલા રોડ પર આવેલી મધર્સ પ્રાઈડ હોસ્પિટલમાં લિંગ પરીક્ષણ થતું હોવાની આશંકાના આધારે PC-PNDT એક્ટ અંતર્ગત રેઈડ પાડવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરીના જણાવ્યા મુજબ, ડૉ. નિકુંજ શાહ અને ડૉ. મીનાક્ષી શાહ છેલ્લા ઘણા સમયથી ગાયનેકોલોજિસ્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે. ડૉ. નિકુંજ તથા ડૉ. મીનાક્ષી દંપત્તિ હોવાની સાથે સાથે બોડકદેવ વિસ્તાર તથા સોલા રોડ પર પોતાના પ્રાઈવેટ ક્લિનિકસ્ પણ ધરાવે છે. આધારભૂત સૂત્રો તરફથી મળેલી માહિતી અનુસાર ડોકટર નિકુંજ શાહ અને ડૉ. મીનાક્ષી શાહ રૂપિયા ૨૫૦૦૦ ની રકમ લઈને પેશન્ટને લિંગ આધારિત ગર્ભ પરીક્ષણ કરી આપતા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા બોડકદેવ વિસ્તારની વાત્સલ્ય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ તથા સોલા રોડ પર આવેલી મધર્સ પ્રાઈડ હોસ્પિટલમાં જઈને રેઈડ પાડવામાં આવી હતી જયાં ડૉ. નિકુંજ શાહ તથા ડૉ. મીનાક્ષીએ પોતાનો ગુનો સ્વીકાર્યો હતો કે તેઓ પેશન્ટને ગર્ભ પરીક્ષણ કરી આપતા હતા. આ કાર્યવાહી બાદ જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા ઉપરોક્ત બંને હોસ્પિટલમાં પંચનામું કર્યા બાદ બંને હોસ્પિટલોમાંથી એક-એક સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું છે તથા હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ પણ કબજે કરવામાં આવ્યા છે. ડૉ નિકુંજ તથા ડૉ. મીનાક્ષીને ઉપરોક્ત કાર્યવાહી બાદ આ દંપત્તિ ઉપર ફોજદારી કાર્યવાહી અંતર્ગત આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. PC-PNDT એક્ટ અંતર્ગત ગર્ભ પરીક્ષણ કરવું ગેરકાનૂની છે. અમદાવાદ જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ છેલ્લા ચાર વર્ષમાં આ પ્રકારની કાર્યવાહીથી અલ્ટ્રા સાઉન્ડ મશીનો સીલ કરવામાં આવ્યા છે તથા અમદાવાદ જિલ્લામાં આ કારણસર સેકસ રેશિયોમાં પણ સુધારો જોવા મળ્યો છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી PC-PNDT કાયદાનો કડકાયથી અમલ કરી રહ્યા છે જેથી આ પ્રકારની અયોગ્ય પ્રેક્ટિસ કરતાં ડોકટરની ઉપર કાર્યવાહી કરી બોડકદેવ વિસ્તારની વાત્સલ્ય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ તથા સોલા રોડ ઉપર આવેલી મધર્સ પ્રાઈડ હોસ્પિટલના સોનોગ્રાફી મશીન પણ સીલ કરવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લા આરોગ્ય કચેરી દ્વારા અવારનવાર કરવામાં આવતા આ પ્રકારના ઓપરેશનના કારણે અમદાવાદ જિલ્લાના સેકસ રેશિયોમાં નોંધપાત્ર સુધારો જોવા મળશે તથા દીકરીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે તેવી આશા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોકટર શૈલેષભાઈ પરમારે વ્યક્ત કરી છે.

જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી કે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ આ પ્રકારની કાર્યવાહી કરી અમદાવાદ જિલ્લામાં થતા લિંગભેદના પરીક્ષણો અટકાવી 'બેટી બચાવો બેટી પઢાવો' ના સૂત્રને સાકાર કરવા માટે પૂરતા પ્રયત્નો થઈ રહ્યા છે. ભવિષ્યમાં પણ આ પ્રકારના લિંગભેદના પરીક્ષણો કરનારા ડોકટર ઉપર કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. શૈલેષભાઈ પરમારનું કહેવું છે.

